સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ગુપ્ત મૂલાકાતોનાં રહસ્ય કોઇ ખોલતું નથી!
ભર્યાં છે અહ્મની નમતું કોઇ તોલતું નથી!
ફોલતું ન કોઇ ફીફાં ડોલતું દેખાય આસન -
વાગે ઢોલ ચૂંટણીનાં પણ કોઇ બોલતું નથી -
(અચાનક આવી પડશે!)

હાઈકુ

પુત્રી આરૂષિ
છે દુ:ખનો દરિયો -
નૂપુર માટે..
('મા'ની મમતા)

ફસાયા ખૂબ
ખેલ ખેવાડી ખૂદ
મુશીબતમાં..
(સિબ્બલ - સમસ્યા)

ચિંતન

ભવન્તિ નરકા: પાપાત્ પાપં દારિદ્ર સંભવમ્ ।
દારિદ્રમ્ અપ્રદાનેન તસ્માત્ દાનપરો ભવેત ॥

પાપને કારણે નરક મળે છે અને પાપ દારિદ્રયમાંથી ઉત્પન્ન થાય છે. દરિદ્રતા દાન ન આપવાથી કે કંજૂસાઇથી આવે છે, માટે દાન આપવામાં કદાપિ લોભ ન કરવો જોઇએ.

માણસમાં પાપવૃત્તિ કેમ જન્મે છે? જ્યારે માણસની ઇચ્છા-અપેક્ષા, ધનની કે સુખી થવાની ફળતી નથી ત્યારે એટલે કે 'સાચું સુખ' શેમાં છે તે સમજવાના અજ્ઞાનને કારણે મન મૃગતૃષ્ણાની જેમ આની પાછળ - તેની પાછળ દોડ-દોડ કરે છે અને એવું 'મૃગજળ' પાપમાં ગમે તે ઉપાયે - તેના માલિક થવા કોઇ પણ - ન્યાયી-અન્યાયી માર્ગને અખત્યાર કરી 'પાપ' કરે છે.

જ્યારે માનવીમાં અસંતોષ હોય-અભાવની વૃત્તિ હોય ત્યારે બેચેન બની જાય છે એની પાસે જે કંઇ હોય તેનો સંતોષ-આનંદ માણવાને બદલે જે નથી તેની બેચેની અને અસુખ ભોગવે છે. લક્ષ્મી ચંચળ છે અને તેમાં પણ અન્યાય અને લોભથી એકત્ર કરેલી અલક્ષ્મી માણસને સન્માર્ગે લઇ જવાને બદલે પાપમાર્ગે જ લઇ જાય છે. તેથી પરિશ્રમ દ્વારા પ્રાપ્ત કરેલી સુલક્ષ્મી આવે તો જ સદ્બુધ્ધિ આવે તો જ દાન પુણ્ય કરવાની વૃત્તિ જન્મે છે અને પરિમાણે પાપમાંથી મુક્તિ મળે છે.

સુવિચાર

- **આપણે ઉઘતા રહીએ અને બીજાને જાગતા રહેવાનું કહીએ એ કેમ બને? આચરણ વિનાનો ઉપદેશ ફોગટ છે - રવિશંકર મહારાજ**
- **આચરણનું એક બિંદુ, સિધ્ધાંતોના, સલાહોનાં અને સારા નિર્ણયોના સમુદ્ર કરતાં પણ ચઢિયાતું છે - માતાજી**
- **નિરંતર જાગૃત રહી, સમજપૂર્વક એક નાની સરખી વાત પણ જો આચરણમાં મૂકાય તો આખું જીવન બદલી જાય - જે. કૃષ્ણમૂર્તિ**
- **દરેક જણ આખી માનવજાતને સુધારવાની ચિંતા કરે છે પણ પોતાની જાતને સુધારવાની ચિંતા ભાગ્યે જ કરે છે - એન્થની ડિ'મેલા**
- **યોજના કરનાર જાગૃત યોજનાનો અમલ તરત પોતાના જીવનમાં કરી દે છે પણ માત્ર ચિંતાઓ જ કરનાર માત્ર યોજનાઓ જ કરે છે - મોહમ્મદ માંકડ**
- **ધર્મશાસ્ત્રો વાંચે-સાંભળે પણ તેનો અમલ ન કરે, આચરણમાં ન મૂકે એ એવો ગોવાળિયો છે જે બીજાની ગાયો જ ગણ્યા કરે છે - બુધ્ધ**

બોધકથા

જે કુળ-કુટુંબમાં દયા-ભાવ-કરૂણા અને સ્નેહના સંસ્કાર હોય તે વારસાગત બની જાય છે.

પેનિસિલિન'ના શોધક એલેક્ઝાંડર ફ્લેમિંગો એક ખેડૂતના પુત્ર હતા અને પિતાને ખેતી મજૂરીમાં મદદ કરતાં. એ ખેડૂત પિતા દયાળુ હતા.

એકવાર નજીકમાં રહેતા ઉમરાવ - રેડોલ્ફનો પુત્ર આ ખેડૂતના પુત્ર સાથે રમવા આવ્યો. પકડ દાવ રમતા ઉમરાવનો પુત્ર ઉભેલા મોલમાં છુપાયો અને જંગલી શિયાળે તેને ગરદનથી પકડી લીધો. ચિચિયારીથી ખેડૂતના કૂતરા દોડ્યા. ખેડૂત દોડ્યો અને શિયાળના મૂખમાંથી ઉમરાવના પુત્રને બચાવી લીધો.

ઉમરાવ પછી એની પાસે આભારવશ આવ્યો અને બદલામાં એક સેવા કરવાની રજા માગતાં કહ્યું, તારો પુત્ર મને આપ તેને ભણાવી-ગણાવી તને તરત આપીશ, ખેડૂત સમંત થયો. અને એ ખેડૂત પુત્ર ભણી-ગણી ડોકટર થયો. તે એલેક્ઝાંડર ફ્લેમિંગો જેણે પેનિસિલિનની શોધ કરી, વિશ્વની સેવા કરી.

...અને એ ઉમરાવ તે રોડોલ્ફ ચર્ચિલ જે બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલ જે શિકારી શિયાળના મુખમાંથી બચ્યા તે, રાડોલ્ફના પુત્ર...

માણસ ધારે તો ઉપકારની ભાવનાથી કેવાં મોટા કાર્યો કરી શકે?!

ત્રણ મહિલા, એક આશ્ચર્ય, અનેક આઘાત! સાવધાન, ગુજરાત! સીર ક્રિકમાં પાકિસ્તાની ખેલ આગળ વધે છે...

● સંસદગૃહમાં ત્રણ મહિલા

આંગ સેન સુકી નામે તેજસ્વિની બર્મીઝ મહિલાએ હમણા મ્યાંમાર (બર્મા) ની સંસદમાં પોતાના ૩૦ સાંસદોની સાથે શપત લીધા તે ઘટના જેટલી ઐતિહાસિક છે તેનાથી તદ્દન બીજા છેડાની નિરર્થક ઘટના ભારતીય સંસદમાં બે મહિલાઓનાં સભ્યપદની છે! એક અભિનેત્રી જયા બચ્ચન છે, સમાજવાદી પાર્ટીએ રાજ્ય સભામાં મોકલી છે, બીજી અભિનેત્રી રેખા છે, જેના પર રાષ્ટ્રપતિની કૃપા વરસી એટલે રાજ્યસભા માટે નિયુક્ત થઇ છે. આંગ સેન સુકી તો છેલ્લાં ૨૦ વર્ષથી બર્મામાં લોકશાહીની લડાઇ કરી રહી છે. તેમ કરવામાં તેને અનેક સાથીદારોનાં મોત સહન કર્યાં છે, પોતે લાંબો સમય જેલમાં રહી છે, નોબેલ ઇનામ મળવા છતાં તે લેવા જઇ શકી નહોતી, પ્રિય પતિનું કેન્સરમાં મૃત્યુ થયું તેને અંજલિ આપવા પણ તે જઇ શકી નહોતી. આ દેશમાં સૌથી વધુ મત મેળવીને લોકપ્રિય બનનાર પાર્ટીની તે પ્રમુખ છે અને બર્મામાં લશ્કરી શાસનથી પ્રજાને છોડાવવા માટે કટીબધ્ધ છે. તાજેતરમાં તે પેટાચૂંટણી જીતી ગઇ છે. અને ગઇકાલે બર્માના ઇતિહાસનું પરિવર્તન કરે તેવો સંકેત તેનાં સંસદ - પ્રવેશમાં છે. આખી દુનિયા તેના તરફ ઉત્સુકતાથી જોઇ રહી છે.

... અને, આપણે? 'જયા બચ્ચન - રેખાથી દૂર રહેવા ખુરશી બદલવા માગે છે.' એવા ક્ષુલ્લક સમાચારોમાં રાચીએ છીએ! જયા કે રેખા ગૃહમાં ઊંડો અભ્યાસ, નિરીક્ષણ કે મૂલ્યાંકનને બાબતોમાં કોઇ રીતે અસરકારક ભૂમિકા ભજવવાની છે, ખરી? ભજવી શકે? તેના કરતાં બે સારી ફિલ્મોમાં અભિનય પાથરે તો સારું! તો પછી લોકસભામાં રેખાના 'સિલસિલા' માં આપણને શું રસ હોઇ શકે? દેશનું સર્વોચ્ચ ગૃહ આવાં નકામાં મનોરંજનનો મંચ બની જાય ત્યારે માથું શરમથી નીચું થઇ જવા સિવાય બીજું શું થાય? તમે કહેશો કે જે અભિનેતાઓ નથી, તે વળી શું કરે છે? ધૂમકેતુનું વાક્ય ક્યાંક વાંચ્યું હતું : 'પડે છે ત્યારે સઘળું પડે છે!' શું સંસદીય લોકતંત્ર માટે આ વાત સાચી પડતી જાય છે?

● વળી પાછી સીર ક્રિક મંત્રણા :

મે મહિનામાં ભારત - પાકિસ્તાન સચિવોની મંત્રણામાં સીર ક્રિકની ચર્ચા થશે એવા અહેવાલથી પહેલાં આવ્યા. તેનાથી હરખાઇ જવાની જરૂર નથી. એક વાત સ્પષ્ટ છે કે પાકિસ્તાન સીર ક્રિકના મામલે ગંદી રમત જ રમી રહ્યું છે અને આપણા દિલ્હીમાં બેઠેલા 'બાબુ સાહેબો' ને તેની પરવા કે ચિંતા હોય તેવું લાગતું નથી. નહીં, તો ખરેખર તો ૧૯૮૦ ની આસપાસ આ નિરર્થક સવાલ પહેલીવાર પાકિસ્તાને ઉઠાવ્યો ત્યારે જ સમજી જવું જોઇતું હતું કે પાકિસ્તાની દાનત સીર ક્રિકને હસ્તગત કરવાની છે. એટલે આવો વિવાદ ઊભો કરી રહ્યું છે. સીર ક્રિકમાં સરહદી થાંભલાઓ તો છે જ, પણ તે બરાબર સીમાંકન નથી એવી દલીલ કરાય છે. વાસ્તવિકતા એ છે કે, સ્વતંત્રતા પહેલાંથી જ, કચ્છનું રાજ હતું ત્યારથી સીર ક્રિક કચ્છનો ભાગ હતું તેના દસ્તાવેજી પરંપરા છે.



આપણી કેન્દ્ર સરકારે ત્યારે જ ઘસીને ના પાડી દેવી જોઇતી હતી કે સીર ક્રિકના મુદ્દે અમે કોઇ વાતચીત કરવા માંગતા નથી.

મંત્રણાના દરવાજે જઇને ભૂતકાળમાં આપણે છાડ બેટને ગૂમાવ્યું છે. આ લીલીછમ્મ ઘાંસભૂમિ ભારતમાં રહી હોત તો માલધારીઓનો પ્રશ્ન ઉકેલાયેલો રહ્યો હોત અને વ્યૂહાત્મક રીતે ભારત સરહદ પર વધુ શક્તિશાળી રહ્યું હોત. સીર ક્રિકનું યે તેવું જ છે. તેને માટે હવે મંત્રણાના ટેબલ પર ગયા પછી ફસાઇ ગયા છીએ. વિદેશખાતું મંત્રણામાં દૃઢતાપૂર્વક કહેશે ખરૂં કે સીર ક્રિક અમારું છે અને અમે કોઇ બાંધછોડ કરીશું નહીં? આ સવાલ કરીએ તે પહેલાં એક વધુ અહેવાલ પ્રકાશિત થયો તે પ્રમાણે જ - પાકિસ્તાને ૧૪ મેના દિવસે યોજનારી ભારત-પાકિસ્તાન મંત્રણાનો એજંડા જ બદલાવી કાઢયો છે!

પહેલાં એવું નક્કી થયું હતું કે આ બેઠકમાં સીર ક્રિકનો સવાલ ઉકેલવા માટે ચર્ચા કરવી. પણ હવે પાકિસ્તાન ના પાડે છે. કહે છે કે અમને પૂરી તૈયારી સાથે દસ્તાવેજો રજૂ કરવા વધુ સમય જોઇએ. આટલા જલ્દી આ કામ થઇ શકે તેમ નથી.

૧૯૮૦ થી આ મંત્રણા સીર ક્રિકની સાથે એક નવો મુદ્દો - પીર સનાઇ ક્રિકનો - જોડી દેવા માગે છે. આમ કરવામાં આવે તો સીર ક્રિકમાં પાકિસ્તાનનો ફાયદો થાય. જો કે ભારત સરકારે પીર સનાઇને જોડી દેવાની ના પાડી છે.

સીર ક્રિક કચ્છને માટે સંવેદનશીલ સવાલ છે. નાના-મોટા રાજકારણને બદલે અત્યારે કચ્છ આખાંયે સીર ક્રિકના સવાલ પર મહાસંમેલન ભરીને ભારત સરકારને સાવધાન કરવાની જરૂર છે કે, સીર ક્રિકને બીજું છાડબેટ બનાવવાની પાકિસ્તાનની ગંદી રમતનો ભોગ બનશો નહીં!

ગુજરાત અને કચ્છી માડુએ અત્યારે જાગ્યા વિના છૂટકો નથી, સંસદના વર્તમાન અને ભૂતપૂર્વ સભ્યો, અગાઉના અને આજના ધારાસભ્યો, જિલ્લા-તાલુકા પંચાયતના આગેવાનો, નાગરિક મંડળો, અખબારો... બધાં સાથે મળીને સીર ક્રિક પ્રશ્ને ભારત મજબૂત અને આકરું વલણ દાખવે તેવો ઠરાવ દિલ્હી સુધી પહોંચાડવો પડશે.

આપણે સીર ક્રિકના મુદ્દે મંત્રણામાં વિલંબ કરવાની પાકિસ્તાની વ્યૂહરચનાની આ ચર્ચાથી ખ્યાલ આવે છે કે અને સીર ક્રિકની સાથે એક વધુ ક્રિકને જોડીને મામલો ગૂંચવવાનો ખેલ શરૂ કરાયો છે.

હવે તેમાં ઉમેરો થયો છે, પાકિસ્તાન પહેલાં સિયાચીનનો જ મામલો ઉકેલવા માગે છે! અને તેના ઉકેલના આધારે સીર ક્રિકની ચર્ચા થાય તેવું ઇચ્છે છે. સોદાબાજીનો આ ખેલ ભારતનું વિદેશખાતુ જાણી ચૂક્યું છે એટલે પહેલી મંત્રણામાં સિયાચીન નહીં પણ સીર ક્રિકનો મુદ્દો જ લેવાય તેવો આગ્રહ રાખ્યો છે.

પણ, આ તો પાકિસ્તાન છે! હજાર મજબૂરી હોવા છતાં 'ટંગડી ઊંચી રાખવાની' કળા તો તેની પરંપરામાં પડેલી છે. તે સિયાચીનમાં પોતાને ફાવે તેવું પરિમાણ ઇચ્છે છએ અને ભરપૂર પેટ્રોલિયમવાળા સીર ક્રિકમાં યે પોતાને અનુકૂળ પડે તેવાં સીમાંકનનો ખેલ કરવા માગે છે. હવે જો આ પ્રશ્ને ઉકેલ ના આવે તો યુનોની આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલને તે સોંપવામાં આવે. છાડબેટમાં આવું જ બન્યું હતું અને આપણે લીલુંછમ છાડબેટ ખોયું. સીર ક્રિકમાં એવું ના થાય તે માટે શું કરવું જોઇએ?

જવાબ કચ્છી પ્રજાની જાગૃતિ અને આંદોલનમાં પડ્યો છે એ તદ્દન દેખીલું છે. કચ્છી પ્રજાએ જ વ્યાપક અને અસરકારક દબાણ લાવીને, સીર ક્રિકમાં ભારત મજબૂતીથી આગળ વધે તેવી પરિસ્થિતિ પેદા કરવી પડે.

૨૩ એકર વિસ્તારમાં ફેલાયેલું કલા - પ્રજ્ઞા - ચિંતન અને જીવનમૂલ્યોનું પરિસર : અક્ષરધામ

ગુજરાતનું પાટનગર ગાંધીનગર અનેક રીતે આકર્ષણનું કેન્દ્ર છે. તેમાંય સેકટર-૨૦માં આવેલ નયનરમ્ય સ્થાપત્ય ધરાવતું 'સ્વામીનારાયણ સંપ્રદાયનું ભવ્ય મંદિર વીસમી સદીની અણમોલ ભેટ છે. આ કલાત્મક 'અક્ષરધામ' માં મનોરંજક સાધનો, લીલીછમ્મ લોન, સુંદર બગીચો, ચિત્ર ગેલેરી અને પુસ્તકલાય સાથે વેચાણ માટેનો સ્ટોલ્સ, યાત્રાળુઓને - પ્રવાસીઓને આકર્ષે છે. કલામય સ્થાપત્ય શૈલીથી બંધાયેલાં અક્ષરધામના બગીચામાં સૌંદર્યવાન શિલ્પકૃતિઓના પ્રેક્ષણીય નમૂનાઓ નજરે પડે છે.

'સ્વામીનારાયણ અક્ષરધામ' એ ભારતીય કલા, પ્રજ્ઞા, ચિંતન અને મૂલ્યોનું એક અદ્વિતીય પરિસર છે. ૨૩ એકલમાં ફેલાયેલું આ પરિસન શ્રી સ્વામીનારાયણની દ્વિજન્મશતાબ્દી અવસરે સંતશ્રી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્મૃતિમાં રચાયેલ એક સર્જન છે.

'અક્ષરધામ' શાંતિ-સૌંદર્ય-દિવ્યતાનું ધામ છે. પાટનગરમાં આવેલું એક અનુપમ નજરાણું છે; સંસ્કારસમૃધ્ધ જીવનની શોધમાં નીકળેલાં જિજ્ઞાસુ - જીવનયાત્રિકો માટે દીવાદાંડી છે. અહીં, ભારતીય સંસ્કૃતિએ દર્શાવેલા સનાતન સત્યોની અદ્યતન રજૂઆત છે. માનવમાત્રના ઉત્કર્ષ માટે, શિવમ્ - કલ્યાણ માટે એનું સર્જન છે. 'અક્ષરધામ' એટલે સત્યમ્ - શિવમ્ - સુન્દરમ્નો વિરલ સુયોગ. અક્ષરધામની મુલાકાત - જીવનઘડતરની યાત્રા બની રહે છે.

આપણા જિલ્લાના તીર્થધામો

- ભાનુપ્રસાદ એસ. દવે

તા. ૬-૮-૧૯૭૦ ના રોજ બ્રહ્મસ્વરૂપે યોગીજી મહારાજ અન્ય સંતો સાથે ગાંધીનગર પધાર્યા હતા. યોગીજી મહારાજ તત્કાલીન મંત્રીશ્રી બાબુભાઇએ જણાવ્યું - સેકટર-૨૦ માં આવેલો આ વડલો અને આ સ્થાન પ્રાચીન લાગે છે તો આપ જરૂરથી મંદિર કરો. તેમણે ભગવાનને પ્રાર્થના કરતાં ઉચ્ચાર્યું : 'અહીં એક ભવ્ય મંદિરનું નિર્ણાય થશે જે મહાન આધ્યાત્મિક મૂલ્યોનું પ્રેરણાસ્ત્રોત બનશે.' આ આર્ષવાણી સાથે તેમણે હાલ જયાં અક્ષરધામ મંદિર ઊભું છે. એ બધી જ જમીન પણ ભગવાનની પ્રસાદીભૂત ગુલાબના પુષ્પોની પાંદડીઓ વેરી જાણે કે 'અક્ષરધામ' નું ખાતમુહુર્ત કરી દીધું. ત્યારબાદ પૂજ્ય સંત શ્રી પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો કે, 'આપણે ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતું એક સર્વોપરી સંકલુ કરવું છે.' તેઓના આ શબ્દો આજે સાચા પડ્યા હોવાનું જણાઇ રહ્યું છે.

સને ૧૯૭૮ની સાલમાં જયારે 'અક્ષરધામ' ની રચના કરવાનું નક્કી થયું. 'અક્ષરધામ' તો હજારો વર્ષો સુધી ટકી રહે અને અસંખ્ય લોકોને પ્રેરણઆ આપતું રહે એ માટે પરંપરાગત રીતે પથ્થરમાંથી જ બનાવવાનું નક્કી થયું.

આ એક પડકારજનક કાર્ય હતું. કારણ કે ભારતમાં એ સમયે છેલ્લા બાણું વર્ષમાં આટલું મોટું નિર્માણ પથ્થરમાંથી થયેલ નહોતું. તા. ૨૪ ડિસેમ્બર ૧૯૭૯ ના શુભ દિવસે પ્રમુખ સ્વામી મહારાજના વરદ હસ્તે સેંકડો સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં 'અક્ષરધામ'નો શિલાન્યાસ સમારોહ સંપન્ન થયો. અને ૧૯૮૫માં એંસી લાખ લોકો માનવ કલાકોનાં ભક્તિસભર પુરૂષાર્થથી માત્ર પાંચ વર્ષમાં રાજસ્થાનના બંસીપહાડપુરના ગુલાબી પથ્થરમાંથી અક્ષરધામ મંદિરનું નિર્માણકાર્ય સંપન્ન થયું.

સને ૧૯૮૬ માં પ્રમુખ સ્વામી મહારાજની આજ્ઞાથી સંતોની એક ટીમે સતત ચાર મહિના સુધી યુરોપ, અમેરિકા અને સુદૂર - પૂર્વના દેશોની મુલાકાત લીધી, વિભિન્ન પ્રદર્શનો, ડીસ્પ્લે સીસ્ટમ, વિશ્વવિખ્યાત મ્યુઝિયમ્સ અને તેની સાથે જોડાયેલ ઘણાં કયુરેટર્સ વગેરેની સાથે ગહન વિચાર-વિમર્શ કર્યો જેના કારણે 'અક્ષરધામ સંકુલ' ના વિસ્તારમાં અનેક નવા આયામોનો સમાવેશ થયો.

આના કારણે 'અક્ષરધામ સંકુલ' માં પ્રદર્શન ખંડો, અનુશોધક કેન્દ્ર, પરિક્રમા આદિ અનેક વાતોનો સમાવેશ થયો. સને ૧૯૯૧માં સમગ્ર પરિસરના તમામ વિભાગોની આતંરિક સજાવટનું કાર્ય શરૂ થયું અને ફક્ત એક વર્ષનાં ટૂંકા સમયગાળામાં સમગ્ર સંકુલની આંતરિક સજાવટ પૂર્ણ કરવામાં આવી.

તા. ૨ નવેમ્બર ૧૯૯૨ ના શુભ દિવસે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના કરકમળો દ્વારા દિવ્ય-ભવ્ય એવા ભારતીય સંસ્કૃતિના અદ્વિતીય પરિસર 'સ્વામિનારાયણ અક્ષરધામ' નો લોકાર્પણ વિધિ અતિ ભવ્યતાપૂર્વક સંપન્ન થયો અને ગુજરાત અને સમગ્ર ભારતવર્ષની ખ્યાતિના આંદોલનો વિશ્વમાં પ્રસરવાની શરૂ થયા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સ્થાનિક જીવો એવી વનસ્પતિઓ કે પ્રાણીઓમાં તેમના ઉત્ક્રાંતિકાળથી ભક્ષક સામે સ્વ બચાવની ક્ષમતા કે વૃત્તિ પેદા થયેલ હોતી નથી, પરિણામે આવા જીવો નવા જીવો સામે ટકી શકતાં નથી અને લુપ્ત થાય છે

વન્યસૃષ્ટિ પરિચય
આક્રમણકારી જીવો

- હેમંત સુથાર

આ પૃથ્વી પર વિવિધ પ્રકારના જીવો માટેનું ચોક્કસ પરિસર કે નિવસન તંત્ર નિયમ હોય છે. પૃથ્વી પરનું જૈવ વૈવિધ્ય એ નિવસન તંત્ર વૈવિધ્ય કે વાસસ્થાન વૈવિધ્ય પ્રમાણે વર્ગીકૃત થઇ શકે તેમ છે. પૃથ્વી પર કોઇ એક જીવજાતિને ઉછેરવા, વૃધ્ધિ કરવા, ટકી રહેવા માટે તેને અનુકૂળ પ્રાકૃતિક વાસસ્થાનની જરૂર રહે છે.

પરંતુ હવે એવા ઘણાં વિસ્તારો છે જયાં પહેલાં કદી ન હતાં. તેવા જીવોની જાતિઓ સ્થાન જમાવી ચુકી છે સ્થાપિત થઇ ચુકી છે. આવા પ્રાણીઓ કે વનસ્પતિઓની જાતિઓ પોતાના કુદરતી વાસપ્રદેશની બહાર નીકળીને અન્યપ્રદેશમાં માનવ દ્વારા કે અન્ય રીતે પહોંચીને અનુકૂલિત થઇને ત્યાંના સફળ જીવ તરીકે સ્થાન જમાવી ચુકી છે.

આવી પ્રાણી તથા વનસ્પતિની જાતિઓ એલીયન, ઇનવેસીવ, એકઝોટીક, ઇન્ટ્રોડયુસ, નોન-નેટીવ, નોન-ઇન્ડીજીનીયસ, કે નિયોઝન તરીકે ઓળખાય છે.

એલીયન સ્પેસીસ એટલે બહારથી આવેલ જાતિ, ઇનવેસીવ એટલે આક્રમણકારી જાતિ, ઇન્ટ્રોડયુસ એટલે દાખલ કરેલ જાતિ, નોન-નેટીવ એટલે સ્થાનિક ન હોય તેવી જાતિ તરીકે જાણીતી છે.

પોતાના કુદરતી વસવાટ સિવાયના અન્ય નવા બહારના વિસ્તારો સુધી પહોંચેલી જાતિઓ માનવો દ્વારા હેતુપૂર્વક કે અજાણતાં વહન થયેલ હોય છે.

માનવ સભ્યતાનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ માનવ પૃથ્વી પરના નવા નવા વિસ્તારોમાં વસવાટ કરતો થયો. આ દરમિયાન પોતાના જીવવા માટે ઉપયોગી છે. તેવી વનસ્પતિઓ અને પ્રાણીઓને પણ પોતાની સાથે સાથે નવા વિસ્તારોમાં લઇ ગયો.

પ્રારંભકાળમાં ખેતી, મત્યસ્યપાલન, પશુપાલન કે અન્ય આર્થિક લાભોના હેતુથી માનવ દ્વારા ઉપયોગી જીવજાતિઓનો ફેલાવો નવા વિસ્તારોમાં થયો.

હાલમાં ઉપયોગમાં લેવાય છે તેવા બધા જ પ્રકારના અનાજ, ઇંડા, દૂધ, માંસ, ઉન, ચામડું આપતાં પ્રાણીઓ વગેરેના તેમાં સમાવેશ થતો હતો. ઘોડા, કૂતરા, બિલાડીઓ જેવા પાલતું પ્રાણીઓનો પણ તેમાં સમાવેશ થતો હતો જે ખાસ કોઇ ઉપયોગી નહતાં.

ત્યારબાદ બાગ-બગીચાઓમાં સુશોભન હેતુથી ઘણાં ફૂલ-છોડ-વૃક્ષો એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવામાં આવ્યા. જમીનનું ધોવાણ અટકાવવા, પડતર-ખરાબા ભૂમિ પર વનીકરણ કરવા, ઢોરોના ઘાસચાર વગેરે માટે ઘણી બધી વનસ્પતિઓને માનવોએ નવા નવા વિસ્તારોમાં દાખલ કરી.

આ પૈકી ઘણી બધી જીવજાતિઓ સ્થાનિક નિવસન તંત્રમાં વણાયેલી ન હોવાથી હાનિકારક નિવડી. ઘણી જાતિઓની આડઅસર કે ફાયદો પણ ન જોવા મળે તેવું પણ થયું.

વિશ્વ કક્ષાએ આજે આવી સંક્રમણકારી જાતિઓની ઓળખ કરવામાં આવી રહી છે અને તેના કારણે સ્થાનિક નિવસન તંત્રનાં નુકશાનના પ્રકાર અને પ્રમાણનો અભ્યાસ થઇ રહ્યો છે.

મોસ્ક્યુટોફીશ (મચ્છર ખાતી માછલીઓ), ઝીબ્રા મસેલ, એશીયન લોંગ હોર્ન્ડ બીટલ (એશિયાઇ લાંબા શીંગડા ધરાવતું ઢાળિયું), રોઝી વૉલ્ફ સ્નેઇલ (ગુલાબી વરૂ ગોકળગાય), કેનટોડ, બુલ ફ્રોગ (દેડકો), જીપ્સી મોથ (ફૂંદુ), યુરોપીયન સ્ટાર્લીંગ (વૈયા પક્ષી), ઇન્ડીયન મંગુસ (ભારતીય નોળિયા) કૌર્લેપા આલ્ગી, ચીટગ્રાસ, બ્રાઉન ટ્રીસ્ટેન (કથ્થાઇ વૃક્ષ સાપ) વગેરે વિશ્વ કક્ષાએ સમસ્યારૂપ બનેલા અતિક્રમી કે આક્રમણકારી જીવોના ઉદાહરણ છે.

સામાન્ય રીતે દાખલ કરેલ પ્રાણીઓ કે વનસ્પતિઓ નવા વિસ્તારમાં વૃધ્ધિ કરીને ટકી શકતાં નથી. પરંતુ આ પૈકી કેટલાક જીવોને નવા વિસ્તાર અનુકૂળ આવી જાય છે. નવા વિસ્તારમાં તેમના કોઇ હરિફ, દુશ્મનો, પરજીવીઓ કે ભક્ષકો હોતા નથી. પરિણામે આવા જીવો બિનહરીફની જેમ આડેધડ વૃધ્ધિ પામે છે અને અમર્યાદ ફેલાવો કરી દે છે. આ કારણે સ્થાનિક જીવો સામે જગ્યા, જળ, પ્રકાશ, પ્રત્યેક તત્ત્વો વગેરેની હરિફાઇ ઊભી થાય છે. ઘણાં આક્રમણકારી જીવો ભક્ષક બનીને અગાઉ જે સ્થાનિક જીવોના કોઇ ભક્ષક ન હતાં તેના માટે હાનિકારક બની જાય છે.

સ્થાનિક જીવો એવી વનસ્પતિઓ કે પ્રાણીઓમાં તેમના ઉત્ક્રાંતિકાળથી ભક્ષક સામે સ્વ બચાવની ક્ષમતા કે વૃત્તિ પેદા થયેલ હોતી નથી. પરિણામે આવા જીવો નવા જીવો સામે ટકી શકતાં નથી અને લુપ્ત થાય છે.

કેટલાક ટાપુઓ પર બ્રાઉન ટ્રી સ્નેક આક્રમણકારી (ઇનવેસીવ) જાતિ તરીકે દાખલ થયા. સ્થાનિક ટાપુ પરના પક્ષીઓ જમીન પર રહેવા લાગ્યો. ઉડીને સ્વ બચાવની આ સાપ દ્વારા થવા લાગ્યો. ઉડીને સ્વબચાવની ક્ષમતા ન ધરાવતાં આવા પક્ષીઓ પોતાનો બચાવ ન કરી શક્યા. આવા તો અગણિત ઉદાહરણો છે. નિર્દોષ લાગતા આપણી આસપાસના કૂતરા, બિલાડા પણ ઘણાં સ્થાનિક પક્ષીઓ, નાન સસ્તન પ્રાણીઓ, સરિસૃપોને ખાઇને નુકસાન પહોંચાડતાં જોઇ શકાય છે.

વિશ્વમાં અત્યાર સુધીમાં લુપ્ત થયેલ પ્રાણીઓ પૈકીના ૪૦% જેટલા પ્રાણીઓના લુપ્ત થવા માટેનું કારણ બહારથી દાખલ કરેલ વિદેશી કે સંક્રમિત જીવ જાતિઓ મનાય છે. આ કારણે સ્થાનિક જૈવ વિવિધતાને પણ ગંભીર અસરો પડે છે. કુદરતના આ પર્યાવરણ સંતુલનમાં કે જાળામાં પ્રત્યેક જીવનું સ્થાન નિયત છે. આપણાં માનવો દ્વારા તેમાં કરવામાં આવતો હસ્તક્ષેપ વિનાશકારી બને છે, જે ધીમે ધીમે અસર કરે છે.

- hmtsuthar@gmail.com

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૩મી મે

મેલેરિયા નાબૂદીના અગ્રણી શોધક રાનાલ્ડ રોસનો જન્મદિન

સર રોનાલ્ડ રોસ - મેલેરિયાના જંતુઓનું સંશોધન કાર્ય કરનાર, મેલેરિયાના નાબૂદી ઝૂંબેશના અગ્રણીનો આજે જન્મદિન.

૧૯૦૨માં તેમને નોબેલ પારિતોષિક મળ્યુ, રોયલ સોસાયટીના પ્રમુખપદે પસંદ થયા. ૧૯૩૨માં તેમનું અવસાન થયું.

- **૧૯૬૦ ની ૧૩મીએ અંકલેશ્વર ખાતે વિપુલ તેલનો જથ્થો મળી આવ્યો.**
- **લોકસભાના**

સ્પીકર, સ્વાતંત્ર્ય સેનાની અને પૂર્વ રાષ્ટ્રપતિ નીલમ સજીવ રેડ્ડીનો જન્મ.